મૂર્ખ પોતાની બુદ્ધિશાળી માને છે, જ્યારે બુદ્ધિશાળી પોતાને અજ્ઞાની જ માને છે
- શેક્સપિયર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૧૦ | ૨૦ જાન્યુઆરી, ૨૦૧૩, રવિવાર; પોષ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઈન્ફોસીટી સુપરમોલમાં ભેદી ધડાકો : પાંચને ઈજા

**સુપરમોલ-૧ના ત્રીજા માળની ઓફીસમાં બ્લાસ્ટ થતા આખુય ઈન્ફોસીટી ધણધણી ઊઠ્યુ : ઓફીસના બે ડાયરેક્ટર્સ, બે ક્લાયન્ટ સહિત પાંચ ઘાયલ : કલેક્ટર, એસ.પી. સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત ફાયરબ્રિગેડ, એફ.એસ.એલ. ઘટનાસ્થળે દોડી આવ્યા : ભેદી બ્લાસ્ટનુંકારણ હજુય અકબંધ**



ગાંધીનગર, તા. ૧૯ પાટનગરના ઈન્ફોસીટી સુપર મોલ-૧ કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં સ્થિત આઈ.ટી.ની એક ઓફીસમાં બપોરના સવા એક વાગ્યાના અરસામાં અચાનક ભેદી ધડાકો થતા નાસભાગ મચી જવા પામી હતી. અત્યંત તિવ્ર ધડાકાથી તે ઓફીસના દરવાજા-બારી ઉપરાંત પી.ઓ.પી. સહીત ત્રીજા માળની મોટા ભાગની ઓફીસના અને સામેના રેસીડેન્ટ ઝોનના એક ફલેટની બારીના પણ કાચ તુટી પડ્યા હતા. આ ભેદી ધડાકાને પગલે ઓફીસમાં બેઠેલા બે ડાયરેક્ટર તથા બે ક્લાયન્ટ સહિત પાંચ દાઝી જવા પામ્યા છે જે પૈકી ત્રણની હાલત ગંભીર જણાઈ રહી છે. જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાની જાણ થતા બનાવ સ્થળે પહોંચી ગયા હતા. ઓફીસમાં બ્લાસ્ટ કયા કારણોસર

● અનુસંધાન પાન-૭ પર

## ત્રીજા માળે ઓફીસમાં બેઠેલા પાંચેય જણાં સળગતી હાલતમાં નીચે ઉતર્યા..!

એકાએક ત્રીજા માળે સ્થિત ઓફીસમાં બ્લાસ્ટ થયા બાદ થોડી જ ક્ષણોમાં ઓફીસમાં બેસેલા બે ડાયરેક્ટર્સ અને બે ક્લાયન્ટ સહીત પાંચેય જણા અસહ્ય પીડાથી કળસતા બુમાબુમ કરતા કરતાં સીડીમાંથી શળગતી હાલતમાં નીચે ઉતર્યા હતા. સળગતી હાલતમાં નીચે ઉતરતા જોઈને અન્ય વેપારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. આસપાસના વેપારીઓ એકઠા થઈ ગયા અને સળગી રહેલી પાંચેયના કપડા નીકાળી દઈ ખાનગી ગાડીને હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયા હતા.

## ભેદી બ્લાસ્ટની આતંકી હુમલાની અફવા ફેલાતા ફફડાટ મચી ગયો

ઈન્ફોસીટી સુપરમોલ-૧ની ત્રીજા માળે આવેલી ઓફીસમાં બપોરના સુમારે અચાનક તીવ્ર ધડાકો થયો હતો. આ ધડાકાના સમાચાર વાયુવેગે ગાંધીનગરમાં પ્રસરી ગયા હતા. ગાંધીનગરમાં ફરીવાર આતંકી હુમલો થયાની અફવાઓ ઉડતા સમગ્ર પાટનગરમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જો કે આ કોઈ બોંબ બ્લાસ્ટ કે આતંકી હુમલો નહી પરંતુ અન્ય કોઈ રીતે બ્લાસ્ટ થયો હોવાનું બહાર આવતા પાટનગરવાસીઓમાં જીવમાં જીવ આવ્યો હતો.

## ત્રીજા માળની મોટાભાગની ઓફીસ સહિત ફ્લેટની બારીના કાચ પણ ફુટી ગયા..!

**ઓફીસના ટેલીફોન બારીની બહાર ઉછળીને ઝાડ પર ભરાઈ ગયા**

સુપરમોલ-૧ની ત્રીજા માળે સ્થિત ઓફીસમાં પ્રચંડ અવાજ સાથે થયેલા ભેદી ધડાકાને પગલે ઓફીસ તો હતી, ન હતી જ થઈ ગઈ છે. ઓફીસનો એક પણ સામાન સાજો-સરખો રહ્યો નથી ત્યારે ઓફીસના બારી-બારણાના કાચ ઉપરાંત સામેના રેસીડેન્સીયલ ઝોનના ફ્લેટની બારીના કાચ પણ તુટી ગયા હતા તેવો પ્રબળ ધડાકો હતો. તે ઉપરાંત ત્રીજા માળની મોટા ભાગની ઓફીસની બારીના પણ કાચ ફુટી જવા પામ્યા હતા. જ્યારે જે ઓફીસમાં ધડાકો થયો તે ઓફીસના ટેલીફોન પણ ઉછળીને બારીની બહાર ફેંકાઈ ગયા હતા અને ઝાડમાં ભરાઈ ગયા હતા. આ ભયંકર સ્થિતિ દેખીને ઈન્ફોસીટીના વેપારીઓ ઉપરાંત પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

**આકર્ષક બિઝનેસ**

**પાર્ટ ટાઈમ / ફુલટાઈમ**
**MNC સાથે બિઝનેસ તક**
હાઉસ વાઈફ, વેપારી, નોકરીયાત, રીટાયર્ડ, વિદ્યાર્થીઓ (૧૮ વર્ષ ઉપરના માટે)
નો-ઈન્વેસ્ટમેન્ટ, અનલીમીટેડ કમાવો
**સંપર્ક કરો**
મો. ૮૪૬૦૫૮૦૩૮૬
મો. ૮૪૬૯૧૭૦૯૦૩

**જોઈએ છે**

રોકાણ વગર આખા ગુજરાતમાં હેલ્થ કોસ્મેટીક અને ખેની પ્રોડક્ટનું માર્કેટીંગ. પાર્ટ/ફુલ ટાઈમ કમિશન પર કરી શકે તેવા ડીસ્ટ્રીબ્યુટર
**સંપર્ક**
મો. ૯૩૭૬૯૪૮૯૬૫
મો. ૯૪૨૬૭૫૭૬૯૫




